## જન્મદિને વધામણી



વિવેકસિંહ છત્રસિંહ ચૌહાણ
મો. ૯૮૨૫૯ ૨૧૭૭૦



ગીતાબેન ચૌહાણ
લાયોનેસ ક્લબ



મોનાલી ગજ્જર
લાયોનેસ ક્લબ



અર્ચના દવે
લાયોનેસ ક્લબ

### શ્રી વી ઍમ પટેલ કુમાર અને શ્રીમતી ઍચ વી પટેલ કન્યા બાલમંદિર ખાતે

# બાળાઓ દ્વારા ગૌરીવ્રતની ભાવપૂર્ણ ઉજવણી કરાઈ





શ્રી વી ઍમ પટેલ કુમાર અને શ્રીમતી ઍચ વી પટેલ કન્યા બાલમંદિર ખાતે ગૌરીવ્રતની ઉજવણી કરવામાં આવી હતી. ઉજવણીના ભાગરૂપે શાળામાં જ બાળકો દ્વારા માટીના કોડિયામાં જવારા વાવવામાં આવ્યા હતા અને તેનું પાંચ દિવસ પૂજન કરવામાં આવ્યું હતું. અંતે, ઉજવણીના દિને બાળાઓએ મનોહર વેશભૂષામાં સજ્જ થઈને જવારા માથે મૂકીને ગરબા ગાઈ આ પર્વનો આનંદ માણ્યો હતો.

### શ્રીમતી કે કે પટેલ વિદ્યાલય, કોલવડા ખાતે


# વિદ્યાર્થિનીઓ માટે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ



ગાંધીનગર, તા. ૨૯

શ્રીમતી કે કે પટેલ વિદ્યાલય, કોલવડા ખાતો સહઅભ્યાસિક પ્રવૃત્તિઓના ભાગ રૂપે કેશગૂંફન, મહેંદી અને ટેટૂ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિજેતા વિદ્યાર્થીઓને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. આ સાથે ગુરુપૂર્ણિમાની ઉજવણી પણ હાથ ધરવામાં આવી હતી. શિક્ષક દ્વારા 'ગુરુનો જીવનમાં મહિમા' વિષયે વક્તવ્ય અને વિદ્યાર્થિનીઓએ ભજનની રજૂઆત કરી હતી. બંને કાર્યક્રમોનું સંચાલન શિક્ષક પ્રવીણાબેન પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

# વિસરાતી જતી લોકવિદ્યા અને લુપ્ત થતી પરંપરાઓને જાળવવાનો પ્રયાસ : દલિત લોકવિદ્યા







હિન્દુ સમાજમાં કર્મના આધારે ઊભી થયેલી વર્ણ વ્યવસ્થા સમય જતાં જન્મના આધારે ઓળખ ઊભી કરતી જ્ઞાતિ-જાતિઓમાં વહેંચાઈ. તે દરેકની રહેણીકરણી, રીતિ-રિવાજો, પરંપરાગત રીતે ઊભી થયેલી કહેવતો, બોલીઓ, વ્રતો, ઉત્સવો, લોકમંત્રો, સામાજિક પરિવેશના આધારે લોકસંસ્કૃતિ, કલા અને જે તેની પોતાની આગવી ઓળખ ઊભી કરતી લોકવિદ્યા, સાહિત્ય રચાયું છે. જે મુખ પરંપરાથી લોકો વચ્ચે સચવાયેલું પડ્યું છે. આવું જ દલિત લોકવિદ્યા બાબતમાં પણ બનેલું છે. પરંતુ આ ક્ષેત્રે લોકસાહિત્યનું સંકલન, સંપાદન અને તેને ગ્રંથસ્થ કરવા માટે કાર્યરત શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, રાજકોટ દ્વારા જે મોટું કામ થઈ રહ્યું છે તેમાં ગાંધીનગર નિવાસી પ્રવીણ શ્રીમાળીએ ગુરુબ્રાહ્મણ જ્ઞાતિને લગતું દલિત લોકસાહિત્ય અને લોકવિદ્યાનું સંકલન કરી તેને પુસ્તક રૂપે પ્રગટ કર્યું છે, તેની વાત આજે અહીં કરવી છે.

દલિત લોકવિદ્યા નામે પ્રવીણ શ્રીમાળીના આ પ્રથમ પુસ્તકમાં ૧૧ પ્રકરણોમાં દલિત સમાજની આગવી કહેવતો, રૂઢિપ્રયોગો, છૂપી બોલીઓ, વ્રતો, ઉત્સવો અને તહેવારો, પૂજાવિધિમાં ગવાતા આરતી, થાળ, સ્તુતિ, પાટ પરંપરા, ગુરુ બ્રાહ્મણ સમાજના લોકમંત્રો, જ્ઞાતિ પંચોનાં બંધારણ ઘડવાની વિધિ, ગુરુ બ્રાહ્મણ જ્ઞાતિમાં યજ્ઞોપવિત વિધિ, સગાઈ, લગ્ન, મામેરાવિધિ, ખોળો ભરવાની વિધિ, કાણ-મોકાણની વિધિ જેવી બાબતોને તેમજ જ્ઞાતિના બંધારણની ગાયકવાડી સરકાર વખતે સ્ટેમ્પ પર લખાયેલ દસ્તાવેજની ફોટોકૉપીઓ મૂકી પુસ્તકના મૂલ્યને તેમજ તેની વિશ્વસનીયતાને વધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ પુસ્તકની પ્રસ્તાવના જાણીતા કવિ અને દલિતો જેમને સવાયા દલિત તરીકે ઓળખે છે તેવા દલિત સાહિત્ય અકાદમીના પ્રમુખ પ્રવીણ ગઢવીએ 'દલિત લોકવિદ્યા : એકલવ્ય વિદ્યા' એ શિર્ષકથી આપી છે. જેમાં તેમણે અબ્રાહ્મ લિંકનની લોકશાહીની વ્યાખ્યા સાથે સરખાવી લોક સાહિત્યને લોકો માટે, લોકો દ્વારા રચાયેલું લોકોનું સાહિત્ય ગણાવ્યું છે. તેમણે પ્રવીણ શ્રીમાળીના પ્રયત્નને કાચું સોનું કહી બિરદાવેલ છે. તો અહીં પ્રવીણ શ્રીમાળીએ પોતાની કૅફિયત 'મનની વાત' રૂપે મૂકી છે. જેમાં આ પુસ્તકના પ્રકાશન અંગે તેમને મળેલા સહકાર અને પ્રયત્નોની વાત વિગતે મળે છે. પુસ્તકના છેલ્લા મુખપૃષ્ઠ પર 'સમાજમિત્ર' સામાયિકના તંત્રી નટુભાઈ પરમારે પ્રેમાળ પરિજન તરીકે લેખક પ્રવીણ શ્રીમાળીનો પરિચય આપ્યો છે. પુસ્તકના અંતે લેખકે જે પુસ્તકોમાંથી આધાર પ્રાપ્ત કર્યો છે તેવા લોકસાહિત્યનાં પુસ્તકોની સંદર્ભસૂચિ પણ આપી છે.

દલિત લોકવિદ્યાની સામગ્રી એકત્રિત કરવી તે કઠિન કાર્ય લેખકે સફળતાપૂર્વક કઈ રીતે પૂરું પાડવું તેનો એકરાર કરતાં તેઓ જણાવે છે કે મોટાભાગના અભ્યાસલેખ અનુભવ અને સામાજિક મેળાવડા, જ્ઞાતિપંચોની બેઠકોમાં ગોળ, પરગણા ભેગા થયા હોય તેમાં હાજરી, ૮૦-૯૦ વર્ષની ઉંમરે પહોંચેલા વડીલો સાથે વાર્તાલાપ, સારા-નરસા પ્રસંગોમાં થતી વિધિનું શ્રવણ-દર્શન અને ક્યારેક જ્ઞાતિપંચની બેઠક હોય કે લગ્ન-સીમંતના પ્રસંગ હોય તો સમૂહ વચ્ચે ઊભા થઈને પ્રસંગને અનુરૂપ ઘાવ, સપાખરા, ઉખાણા કહેવા અને સાંભળવાનો સ્વાનુભવ લેખકે આ પુસ્તકમાં મૂકવાનો પ્રયત્ન કર્યો છે અને પોતે પણ જ્ઞાતિના બંધારણ ઘડમાં ભાગ લીધો છે. આ ક્ષેત્ર અગાઉ જે તેમની જ્ઞાતિના લોકોએ પરંપરાઓને જાળવવાના પ્રયાસો કર્યા છે તેમની પણ નોંધ લેવામાં આવી છે.આજે જ્યારે શિક્ષણ, મીડિયા અને લોકોના આચાર-વિચારોમાં ઝડપભેર પરિવર્તન આવી રહ્યું છે ત્યારે વિસરાતી જતી કે લુપ્ત થવા તરફ જઈ રહેલી લોકવિદ્યાને ટકાવી રાખવા અને પોતાની જ્ઞાતિના ગૌરવ ને પરંપરાઓને પેઢી દર પેઢી જળવાઈ રહે તે માટેના પ્રયત્નના ભાગરૂપે તૈયાર થયેલ આ પુસ્તક દલિત સમાજના લોકો માટે એક સંભારણું બની રહેશે તેવી ભાવના સાથે લેખકને શુભેચ્છા પાઠવું છું.

પુસ્તક : દલિત લોકવિદ્યા
લેખક : પ્રવીણ શ્રીમાળી
પ્રકાશક : પ્રવીણ શ્રીમાળી
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૮
કિંમત : રૂા. ૧૨૦

# શ્રીમતી ઍમ બી પટેલ ગર્લ્સ સ્કૂલની વિદ્યાર્થિનીઓ પુનિત વનની મુલાકાતે



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલની ધોરણ-૩ની ૧૯૬ વિદ્યાર્થિનીઓને પુનિત વનની મુલાકાતે લઈ જવામાં આવી હતી. અહીં વિદ્યાર્થિનીઓએ રાશિવન ઉપરાંત ઔષધિય, ઉપયોગી વૃક્ષો જોઈ તેના અંગે વિશદ માહિતી પ્રાપ્ત કરી હતી તથા ઉદ્યાનમાં રમતો રમવાનો આનંદ પણ પ્રાપ્ત કર્યો હતો.

### ઓમ કમ્યુનિકેશન અને શબ્દશ્રી દ્વારા

# હર્ષ બ્રહ્મભટ્ટના જન્મદિને સાહિત્યસફર કાર્યક્રમ યોજાશે

## કવિ હર્ષ બ્રહ્મભટ્ટ પોતાના જીવન-કવન વિશે વાત કરશે અને પોતાની ગુજરાતી તથા ઉર્દૂ કવિતાઓનો પાઠ કરશે



ગાંધીનગર, તા. ૨૯

ઓમ કમ્યુનિકેશન અને શબ્દશ્રી દ્વારા કવિ જયંત ડાંગોદરાના સહયોગથી ૩૧ જુલાઈ ને મંગળવારના રોજ અમદાવાદ ખાતે કવિ હર્ષ બ્રહ્મભટ્ટના ૬૫મા જન્મદિન પ્રસંગે સાહિત્યસફર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં ઓમ કમ્યુનિકેશનના મેનેજિંગ ટ્રસ્ટી મનીષ પાઠક દ્વારા જણાવવામાં આવ્યું છે કે 'શબ્દજ્યોતિ' સાહિત્યસફર મંગળવારે સાંજે ૫.૦૦ કલાકે આત્મા હોલ, આશ્રમ રોડ ખાતે યોજવામાં આવી છે, જેમાં કવિ હર્ષ બ્રહ્મભટ્ટ પોતાના જીવન-કવન વિશે વાત કરશે અને પોતાની ગુજરાતી તથા ઉર્દૂ કવિતાઓનો પાઠ કરશે. કવિ ઉપસ્થિત ભાવકો સાથે સંવાદ પણ સાધશે. ભાષાપ્રેમી અને સાહિત્યરસિક જનતા માટે આ કાર્યક્રમ માણવા કોઈ ફી રાખવામાં આવી નથી.

ઉલ્લેખનીય છે કે સંસ્થા દ્વારા સતત પાંચ વર્ષથી દર મહિને દિવંગત સાહિત્યકાર, કવિના જન્મદિન, પુણ્યતિથિએ નિયમિત વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવે છે. આ તમામ કાર્યક્રમો યુટ્યુબ પર સાહિત્ય વિમર્શ ચૅનલ પર અપલોડ કરવામાં આવે છે, જેનો લાભ વિશ્વભરમાં વસતા ભાવકો લઈ શકે છે.

### શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય ખાતે

# ગૌરી વ્રત નિમિત્તે મહેંદી હરિફાઈ યોજાઈ



ગાંધીનગર, તા. ૨૯

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય ખાતે ગૌરી વ્રત નિમિત્તે મહેંદી હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શાળાની ૬૪ જેટલી વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો.

વિદ્યાર્થિનીઓ માટેની સ્પર્ધાના સમગ્ર કાર્યક્રમનું આયોજન દક્ષાબેન પટેલ અને મંદાકિનીબેન ત્રિવેદીએ કર્યું હતું.

ધોરણ-૭માં અનુક્રમે શ્રુતિ જિતેન્દ્રભાઈ પટેલ, વિધિ આર નિમાવત, પ્રિયંકા બોટાદરા અને ધોરણ-૮માં ધૃવી ઍલ સુથાર, ખુશી બી પંડ્યા અને પ્રિયાંશી ડી પટેલ વિજેતા બન્યાં હતાં.

# અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલ એસો. દ્વારા સ્ટુડન્ટ્સ એપ્રીસીએશન



તાજેતરમાં અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલ એસોસિએશન દ્વારા સ્ટુડન્ટ્સ એપ્રીશીએશનનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. સતત ૨૮મા વર્ષે સંસ્થાએ બ્રાઈટ સ્ટુડન્ટ્સના અભિવાદ અને ઈનામ વિતરણ દ્વારા પ્રોત્સાહન આપવાનો પ્રણાલીગત કાર્યક્રમ યોજ્યો હતો. સાથે સાથે સંસ્થાનો વર્ષ ૨૦૧૮નો લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ સિનિયર સિટિઝન મેમ્બર જિતેન્દ્રભાઈ આર શાહને એનાયત કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે ગુજરાત મીડિયા જગતની અગ્રણી એએસીએ સંસ્થા બિઝનેસ સંબંધિત કાર્યક્રમોની સાથે સાથે સમાજલક્ષી અને પરિવારલક્ષી કાર્યક્રમો પણ રજૂ કરે છે.







પૂર્વ અમદાવાદની ગેલેક્ષી ગ્લોબલ સ્કૂલ ખાતે ચોમાસાની ઋતુને અનુરૂપ અંબ્રેલા પેઈન્ટિંગનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. છત્રી ઉપર વરસાદના પાણીને બદલે રંગો વરસ્યા હતા. વિદ્યાર્થીઓના વાલીઓએ આ કાર્યક્રમમાં ભાગ લઈને સુંદર ચિત્રો છત્રી પર બનાવ્યાં હતાં. રંગબેરંગી ભાતથી શોભી ઊઠેલી છત્રીઓ દ્વારા મનોહર દશ્યોનું સર્જન થયું હતું.